## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મેડમ, તમે આપેલું નવરાત્રી વેકેશન નિષ્ફળ ગયું છે. ફ્રી પાસ ન મળતાં મમ્મીએ અમને તો વાંચવા બેસાડી દીધા હતા !

# સીબીઆઈના મુદ્દે કોંગ્રેસની પાટનગરમાં રેલી : ૭૦ની અટકાયત







## ચ-૩ સર્કલથી સે-૧૦ સ્થિત સીબીઆઈની કચેરીનો ઘેરાવ કરવા જતા કોંગી આગેવાનો-કાર્યકરોને પોલીસે અટકાવ્યા

ગાંધીનગર, તા. ૨૬

દેશભરમાં ચર્ચાસ્પદ બનેલા સીબીઆઈના મુદ્દાને લઈને કોંગ્રેસ દ્વારા ઠેર ઠેર વિરોધ કરવામાં આવ્યા હતા ત્યારે ગુજરાત રાજ્યમાં પાટનગર ગાંધીનગરમાં કોંગ્રેસ દ્વારા મોદી વિરોધી સૂત્રોચ્ચાર કરતા રેલી નીકળી સે-૧૦ સ્થિત સીબીઆઈની કચેરીનો ઘેરાવ કાર્યક્રમ કર્યો હતો. જો કે સીબીઆઈ કચેરીનો ઘેરાવ કરે તે પહેલા રસ્તામાં જ પોલીસે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી લઈ ૭૦થી વધુ કાર્યકરો આગેવાનોને પોલીસ હેડક્વાર્ટર ખાતે લઈ જવાયા હતા.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના નેજા હેઠળ આજે સવારે ગાંધીનગર શહેરના ચ-૩ સર્કલથી સીબીઆઈના મુદ્દે વિરોધ પ્રદર્શન કરતી રેલી યોજી સીબીઆઈ કચેરીના ઘેરાવ કરવાના કાર્યક્રમ યોજાયો હતો. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં કોંગ્રેસના ધારાસભ્યો સી.જે ચાવડા, શૈલેષ પરમાર, નવસાદ સોલંકી, બળદેવજી ઠાકોર, ઈમરાન ખેડાવાલા ગ્યાસુદ્દીન શેખ, સુરેશ પટેલ, હિમાંશુ પટેલ, નિશિત વ્યાસ, ભરતસિંહ સોલંકી તથા યુવા કોંગ્રેસના કાર્યકરો અને સ્થાનિક કોર્પોરેટર સહિત કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા ની કરવામાં આવેલી આ રેલીમાં સીબીઆઈ, ભાજપ અને મોદી વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી બેનર પ્રદર્શન કરવામાં આવ્યા હતા. રાફેલ ડીલ અને સીબીઆઈની વિશ્વાસનિયતા સંદર્ભે પ્રશ્નો ઉઠાવતા બેનરો અને પોસ્ટરો સાથે રેલી કાઢવામાં આવી હતી. રેલીને પગલે ચ-૩ સર્કલ થી સે ૧૦ માં આવેલી સીબીઆઈ ઓફીસની આગળ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સીબીઆઈ કચેરીનો ઘેરાવ કરવા જતા પોલીસે તમામ ૭૦થી વધુ કોંગ્રેસના કાર્યકરો આગેવાનોને અટકાવીને પોલીસવાનમાં પૂરી તેમની અટકાયત કરી લીધી હતી.

### પૂજ્ય દાદા ભગવાનના જન્મજયંતી મહોત્સવે

# ‘જોવા જેવી દુનિયા’ નામે વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન

**૧૫થી ૨૫ નવેમ્બર દરમિયાન ત્રિમંદિર ખાતે મહોત્સવ યોજાશે**

ગાંધીનગર, તા. ૨૬

પૂજ્ય દાદા ભગવાનના ૧૧૧મા જન્મજયંતિ મહોત્સવ નિમિત્તે અડાલજ ત્રિમંદિર ખાતે ‘જોવા જેવી દુનિયા’ નામના અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંગે માહિતી આપતાં મંદિર દ્વારા જણાવવામાં આવ્યું છે કે જોવા જેવી દુનિયા એ અનુભવ છે, અનુભવ... જ્ઞાનનો, મનોરંજનનો, સવાલોના જવાબોની શોધનો, ચિંતા-મુક્ત સંસારનો. આવા અનેક અનુભવોનો સમન્વય છે જોવા જેવી દુનિયા.

એક નવી દુનિયા જ્યાં સાચી સમજણથી મળશે વ્યાવહારિક ઉકેલ અને સમાધાનો. જ્યાં જીવનમાં લોકોને ઊભી થતી નેગેટિવિટીને પોઝિટિવિટીમાં ફેરવવાની શક્તિ અને દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. એક એવી દુનિયા જ્યાં ખુલ્લાં થશે જીવનનાં રહસ્યો તથા લોકોના સાંસારિક બોજા-તણાવને આનંદમાં ફેરવવા, શીખવશે સંબંધો પ્રત્યેનો આદર્શ વ્યવહાર અને સાથે ખોજવા સૌના અસ્તિત્વનો હેતુ.

તા. ૧૫થી ૨૫ નવેમ્બર દરમિયાન પૂ. નીરુમાના સહાધ્યાયી, આત્મજ્ઞાની પૂ. દીપકભાઈના સાંનિધ્યમાં આ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. જે અંતર્ગત મલ્ટીમીડિયા શો, પ્રદર્શનો, વર્કશૉપ્સ જ્ઞાનની છાયા પાર્ક, એમ્ફીથિયેટર, ગેમ ઝોન, એનીમેટેડ ફિલ્મ, પપેટ શો અને મિસ્ટ્રી રૂમ જેવાં આકર્ષણો ઉમેરવામાં આવ્યાં છે. આ ઉપરાંત સત્સંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ મહોત્સવ અંતર્ગત કરવામાં આવ્યું છે.

# તહેવારોના દિવસોમાં શહેરમાં તબીબી સેવાઓ ઉપલબ્ધ કરાવવા અપીલ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં સૌને અનુભવ છે કે તહેવારોના દિવસોમાં કોઈ નાની-મોટી બિમારીમાં ડૉક્ટર મળવા અતિ દુર્લભ થાય છે તેટલું જ નહિ દવા મળવી પણ મુશ્કેલ બની જાય છે ત્યારે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા જાહેર વિનંતી કરવામાં આવે છે કે તીબીબી સેવાઓ તહેવારોના દિવસોમાં શહેરમાં ઉપલબ્ધ રહે તથા ખાનગી તબીબી વ્યવસાય કરતા ડૉક્ટરો તથા સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના દર્દોના ડૉક્ટરો, સર્જનો ઉપલબ્ધ થાય તેનું સંકલન કરવામાં આવે. આ માટે શહેર વસાહત મહામંડળે કલેક્ટરશ્રી લાંગા, સિવિલ સર્જન નિયતીબેન લાખાણી, મેડીકલ એસો.ના પ્રમુખ અનિલ ચૌહાણ તથા મેડીકલ સ્ટોર એસો.ના પ્રમુખશ્રીને દવાઓ અને તબીબી સેવાઓ નાગરિકો માટે ઉપલબ્ધ રાખવા જરુરી વ્યવસ્થા ઉભી કરવા વસાહત મહામંડળ વતી અરુણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, શશીકાંત મઢા, કિશોર જીકાદરા, સીતારામ પટેલ, સુધીર દેસાઈ, કશ્યપ મહેતા, નિલેન્દુ વોરા, ચંદુજી ઠાકોર, સુનિલ શાહ, ભરત દીક્ષીત સહિત સૌએ વિનંતી કરી છે.

# જીટીયુના વીસી-એનએસયુઆઈના કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું



ગાંધીનગર, તા.૨૬

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીની અંદર બીઓજીની બેઠકમાં વિદ્યાર્થીઓની આર્થિક રીતે કમર ભાગી નાંખવા માટે એક નિર્ણય લેવાયો હતો. જે નિર્ણયમાં વિદ્યાર્થીઓ આર્થિક સંકટમાં આવી જાય તે પ્રમાણે તેમનું વર્ષ બચાવવા માટે રૂ.૨૦૦૦ થી લઈને રૂ.૫૦૦૦ સુધી લેઈટ ફી રાખી જીટીયુ તંત્ર દ્વારા કરોડો રૂપીયા ઉઘરાવવાનું ષડયંત્ર કર્યુ હતું. જેથી એનએસયુઆઈ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવા બે દિવસનો સમય આપ્યો હતો. પરંતુ જીટીયુ દ્વારા કોઈ નિર્ણય ન લેવાતા આજરોજ એનએસયુઆઈના કાર્યકર્તાઓ પોતાના પડતર પ્રશ્નોને લઈને જવાબ લેવા ગયા હતા. તે દરમિયાન કાર્યકરોને અંદર જવા દેવાયા નહોતા અને દરવાજા બંધ કરી દેવાયા હતા. જેથી જીટીયુના વાઈસ ચાન્સેલર અને એનએસયુઆઈ કાર્યકરો વચ્ચે તડાફડી બોલી હતી.

ત્યારબાદ એક-બીજાને ધક્કા મારતા ધક્કામુકીના દ્રશ્યો સર્જાયા હતા, તો બીજી તરફ ઘર્ષણ પગલે વાતાવરણ તંગ બની જવા પામ્યું હતું. જયારે વાતાવરણ તંગ બનતા જીટીયુના વીસી દ્વારા સ્વામીનારાયણ કોલેજના સ્વામીજીને મધ્યસ્થી તરીકે રાખીને કાર્યકરો વચ્ચે વાતચીત કરી હતી. ત્યારબાદ જીટીયુના વીસી દ્વારા આગામી તા. ૫ નવેમ્બરના રોજ બીઓજીની બેઠકમાં અંદર એનરોલમેન્ટ એક વર્ષ વધાર્યો હોય તેવા વિદ્યાર્થીઓના પરિક્ષાના ફોર્મના રૂ.૫૦૦૦ના બદલામાં રૂ.૩૦૦૦ ફી લેવામાં આવશે તેવી મૌખિક બાંહેધરી વીસી દ્વારા આપવામાં આવી છે.જેથી મામલો હાલના તબક્કે શાંત થયો હતો. પરંતુ જો તા.૫ નવેમ્બરના રોજ માંગણી નહીં સ્વીકારવામાં આવે તો આગામી સમયમાં જીટીયુ કેમ્પસમાં જ વિદ્યાર્થીઓ અને એનએસયુઆઈના કાર્યકરો દ્વારા કેમ્પસમાં ઉપવાસ આંદોલન કરવામાં આવશે. આ કાર્યક્રમાં ગુજરાત પ્રદેશ મહામંત્રી ગૌરાંગ મકવાણા, મહામંત્રી અમિત પારેખ સહિત હર્ષ સિંઘાનીયા, કપિલ ઓદીચ્ નેશનલ ડેલીગેટ, અજય સોંલકી, જલય ચૌહાણ, યગ્નેશ પટેલ, આનંદ ગોસ્વામી તેમજ અન્ય કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

### રાજ્ય સરકારનો વધુ એક કિસાનલક્ષી નિર્ણય : ખેડૂતોના ચોમાસુ પાકને બચાવી લેવા

# આવતીકાલથી નર્મદાનું પાણી અપાશે : નીતિનભાઈ પટેલ

## આગામી પાંચ દિવસ સુધી આ પાણી અપાશે : શિયાળુ પાક માટે ખેડૂતોની જરૂરિયાતને ધ્યાને લઈ ૧૫ નવેમ્બરથી સિંચાઈનું પાણી આપવાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

નાયબ મુખ્યમંત્રી અને નર્મદા મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે આજે વધુ એક કિસાનલક્ષી નિર્ણય કર્યો છે. ખેડૂતોના ચોમાસુ પાકને બચાવવા માટે આવતીકાલથી પાંચ દિવસ માટે એટલે કે, ૩૧ ઓક્ટોબર-૨૦૧૮ સાંજ સુધી દૈનિક ૧૨ હજાર ક્યુસેક નર્મદાનું પાણી છોડવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. પટેલે ઉમેર્યુ કે, રાજ્યમાં તથા ઉપરવાસ વરસાદ ઓછો થવાથી સરદાર સરોવર ડેમમાં મર્યાદિત પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. છતાંય ખેડૂતોની જરૂરિયાત મુજબ ચોમાસુ પાક માટે સિંચાઈ સુવિધા પૂરી પાડવા પાણી આપ્યું છે પરંતુ ચોમાસુ સીઝન પૂર્ણ થવા આવી છે છતાંય ધારાસભ્યો, ખેડૂતો દ્વારા છેલ્લો પાણ પાણી આપવા રજુઆતો મળી છે તેને ધ્યાને લઈને રાજ્ય સરકારે આ પાણીનો જથ્થો છોડવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. મુખ્ય કેનાલ સહિત માઈનોર કેનાલમાં દૈનિક ૧૨ હજાર ક્યુસેક પાણી છોડાશે જે અંતરિયાળ દૂરના વિસ્તારોમાં પહોંચશે અને ખેડૂતોનો પાક બચશે. હાલ સરદાર સરોવર ડેમમાં જે જથ્થો ઉપલબ્ધ છે તેમાં ૧૨૭.૯૮ મીટરની સપાટી છે અને મધ્યપ્રદેશમાંથી પણ આવક ચાલુ છે. દૈનિક આશરે ૨૧ હજાર ક્યુસેકની આવક છે. અત્યાર સુધી દૈનિક ૬ હજાર ક્યુસક પાણી સિંચાઈ માટે અપાતુ હતું તે હવે આગામી પાંચ દિવસ માટે ૧૨ હજાર ક્યુસેક પાણી છોડાશે જેના કારણે ખેડૂતોનો ઉભો પાક બચશે.

તેમણે ઉમેર્યું કે, શિયાળુ પાક માટે પણ ખેડૂતોને સિંચાઈ માટે પાણી ૧૫મી નવેમ્બરથી ખેડૂતોની જરૂરિયાત અને માંગ મુજબ આપવાનું રાજ્ય સરકારનું આયોજન છે. ખેડૂતો અને કિસાન સંઘો સાથે પરામર્શ ચાલુ છે જો સિંચાઈ માટે ખેડૂતોને પાણીની જરૂરિયાત વહેલી હશે તો તે મુજબ પણ પાણી પૂરુ પાડવામાં આવશે. શિયાળુ પાક માટે પણ પાણીનો પૂરતો જથ્થો નર્મદા ડેમમાં ઉપલબ્ધ છે જ એટલે એ માટે પણ સરકાર જરૂર મુજબ પાણી આપશે એમ તેમણે ઉમેર્યું હતું.





ગાંધીનગર શહેરમાં બે પૈંડા પરની જીંદગી ઝોખમાઈ રહી હોય તેમ લાગી રહી છે. ટ્રાફિક નિયમોની ઐસીતૈસી કરીને વાહન ચાલકો બેફામ ગતિએ વાહન હંકારતા અકસ્માત સર્જાય છે. અકસ્માત થતા કેટલાક વાહનચાલકોને ઈજા પહોંચે છે તો કેટલાક વાહન ચાલકો મૃત્યુને ભેટે છે. શહેરમાં છેલ્લા બે દિવસમાં માર્ગ અકસ્માતની સંખ્યા વધુ જોવા મળી છે. ત્યારે આજે સવારના સુમારે ચ-૭ થી સે-૩૦ સર્કલ તરફ જવાના માર્ગ પર આઈવા ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક યુવાનને ઈજા પહોંચી હતી. મુખ્ય માર્ગ પર અકસ્માત સર્જાતા નગરજનોના મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. પરંતુ ડમ્પર ચાલક ડ્રાઈવર ડમ્પર મુકીને જતો રહ્યો હતો. જયારે ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે ૧૦૮ દ્વારા સિવિલ લઈ જવામાં આવ્યો હતો.

# ગાંધીનગરથી વિરપુર સુધી પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૨૬

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષ જેમ આ વર્ષે પણ ગાંધીનગર થી વિરપુર સુધીની ૨૨ મી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૧૬ નવેમ્બર થી ૨૫ નવેમ્બર સુધી આ યાત્રા યોજાશે. આ યાત્રામાં સામેલ થવા ઈચ્છુક પદયાત્રી ભકતોને પ્રવેશ ફોર્મ તેમજ અન્ય વિગતો માટે જલારામ ધામ તેમજ જીગ્નેશ ઠક્કર મો. ૯૮૨૫૪ ૭૦૦૪૪, વિનોદ ઉદેચા મો. ૯૮૯૮૦૬૨૨૦૯ પર સંપર્ક કરવાનો રહેશે. જયારે આ યાત્રાની સાથે સાથે સંસ્થાના ભગીરથ કાર્યમાં તન, મન અને ધનથી સેવા આપનાર દાતાઓ તેમજ સ્વંયસેવકોને પણ આ કાર્યમાં ઉત્સાહભેર સામેલ થઈને કાર્યક્રમને પ્રોત્સાહન આપી સફળ બનાવવા અપીલ કરાઈ છે.

# સીબીઆઈ ઘટનાક્રમનું રિએક્શન : કોંગ્રેસના રાજ્યમાં ઉગ્ર દેખાવો

અમદાવાદ, તા.૨૬

સીબીઆઈમાં ચાલી રહેલી ખેંચતાણ અને સીબીઆઈના નિર્દેશક આલોક વર્મા પાસેથી અધિકારો પરત લઈને તેમને રજા ઉપર મોકલી દેવાના વિરોધમાં કોંગ્રેસે આજે રાષ્ટ્રવ્યાપી પ્રદર્શન કર્યા હતા જેના ભાગરુપે ગુજરાતમાં પણ દેખાવો કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં ૪૦થી વધુ ટોપના નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. ગાંધીનગરમાં સીબીઆઈ કાર્યાલયની બહાર જોરદાર વિરોધ પ્રદર્શન કરાયા હતા. દેશભરમાં રાજકારણ અને લોકોમાં ચર્ચાનો મુદ્દો બનેલા સીબીઆઈના અધિકારીઓની બદલી અને લાંચના આક્ષેપના પ્રકરણના ઘેરા પ્રત્યાઘાત આજે ગુજરાતમાં પાટનગર ગાંધીનગરમાં પણ પડયા હતા. સીબીઆમાં મચેલી ઘમાસાણ મુદ્દે આજે ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યો, નેતાઓ અને કાર્યકર્તાઓએ ગાંધીનગર સીબીઆઈ ઓફીસ ખાતે રેલી યોજી ઉગ્ર દેખાવો કર્યા હતા. રેલીમાં નેતાઓ અને કાર્યકરો દ્વારા વડાપ્રધાન, સીબીઆઈ અને ભાજપ વિરૂધ્ધ સુત્રોચાર કરી સીબીઆઈની વિશ્વસનીયતા વિષે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. રેલીને સીબીઆઈ ઓફીસ બહાર જ અટકાવી દેવામાં આવી હતી અને મોટી સંખ્યામાં કોંગ્રેસના નેતાઓ, આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરીને ગાંધીનગર ડીએસપી ઓફીસ લઈ જવામાં આવ્યા હતા. આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના નેજા હેઠળ ચ-૩ સર્કલ આગળથી કોંગ્રેસના ધારાસભ્યો સી.જે. ચાવડા, શૈલેષ પરમાર, નૌશાદ સોલંકી, બળદેવજી ઠાકોર, ઈમરાન ખેડવાળા, ગ્યાસુદ્દીન શેખ, સુરેશ પટેલ અને નેતાઓ અર્જુનભાઈ મોઢવાડિયા, ભરતસિંહ સોલંકી,ગુલાબખાન રાવમા અને યુવા કોંગ્રેસના કાર્યકરો દ્વારા રેલીમાં સીબીઆઈ, ભાજપ અને પ્રધાનમંત્રી વિષે સુત્રોચાર કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ દ્વારા સીબીઆઈ વિરૂધ્ધ સીબીઆઈ, રાફેલ ડીલ સંદર્ભે પ્રશ્નો ઉઠાવતા બેનરો અને પોસ્ટરો સાથે જોરદાર વિરોધ પ્રદર્શન કરતી રેલી કાઢવામાં આવી હતી. રેલીને ચ-૩ થી સેક્ટર-૧૦માં આવેલી સીબીઆઈ ઓફીસની આગળ જ પોલીસના ચુસ્ત બંદોબસ્તે અટકાવી દીધી હતી આશરે કુલ ૫૦ જેટલા કોંગ્રેસી નેતાઓની અટકાયત કરીને ગાંધીનગર જીલ્લા પોલીસ વડાની કચેરીએ લઈ જવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, જે રીતે વિદેશની કચેરીઓ પર, વિદેશ પર હુમલો કરીને કબજો લેવામાં આવે તે રીતે સીબીઆઈના ડાયરેક્ટરની



ઓફીસને રાતોરાત સીઝ કરવામાં આવી. એટલું જ નહી, તેઓને રાતોરાત ખસેડી અને એવા અધિકારીને ડાયરેક્ટર બનાવવામાં આવ્યા છે જે અધિકારી પર તપાસો ચાલે છે અને ભ્રષ્ટાચારના આરોપો છે. ડાયરેક્ટરને મુકવાના અને હટાવવાના અધિકાર જે છે એ માત્ર ને માત્ર, ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા, વડાપ્રધાન અને વિરોધપક્ષના નેતાની બનેલી કમિટીના છે જેનું ઉલ્લંઘન કરીને નિમણુંક કરી દેવામાં આવી છે.